# વાર્ષિકોત્સવ: આયુર્વેદાચાર્ય શ્રી ચરકમુની પ્રાથમિક શાળા ક્રમાંક 149માં વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો

સુરત 6 દિવસ પેહલા




કે. પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના સહયોગથી આયુર્વેદાચાર્ય શ્રી ચરકમુની પ્રાથમિક શાળા ક્રમાંક 149માં વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ઉપાધ્યક્ષ રંજનાબેન ગોસ્વામી, બાધંકામ સમિતિના ઉપાધ્યક્ષ કેતન મહેતા, બીટનિરીક્ષક સોયેબભાઈ, કે.પી. ગૃપના C.M.D ડૉ ફારૂક પટેલ, કે.પી.હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના ડિરેક્ટર રાજાભાઈ, આશીયાબેન, સુમન-૪ ના આચાર્ય સુરેશ ભાઈ અવૈયા, સી.આર.સી મનીષાબેન પટેલ તેમજ ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમમાં શાળાના દરેક બાળકોએ ઉત્સાહપૂર્વક પોતાની કૃતિ રજૂ કરી હતી. તે બદલ કૃતિ તૈયાર કરાવનાર શિક્ષકોને ખૂબ ખૂબ અભિનંદન. તેમજ કે. પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનનો પણ ખૂબ ખૂબ આભાર કે, જેમને વાર્ષિકોત્સવનું સંપૂર્ણ આયોજન કરી આપ્યું હતું.




